એજીએમ-ડબ્લ્યુએમ/સીઆઈઆર/વિત/પીઓએલ/૧(૪)૩૧-૬૬૪/૯૬
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તારીખ: ૩૦/૮/૯૬.

// પ રિ પ ત્ર //

વિષય:- ૧૦૦ % મહિલા ઉદ્યોગકારોને શેડ / પ્લોટની ફાળવણીમાં જમીનની કિંમતમાં રાહત આપવા બાબત.

રાજ્ય સરકારશ્રીની નવી ઔદ્યોગિક નીતિમાં મહિલા ઉદ્યોગકારોને ખાસ રાહત અને છૂટછાટ આપવામાં આવી છે. નિગમમાં મહિલા ઔદ્યોગિક સાહસિકોને કોઇ પ્રોત્સાહન કે લાભ આપવાની નીતિ અમલમાં ન હતી. આથી રાજ્ય સરકારની ઔદ્યોગિક નીતિને અનુરૂપ નિગમમાં પણ મહિલા ઔદ્યોગિક સાહસિકોને પ્રોત્સાહન આપવા બાબતની નીતિ ઘડવા બાબતે નિગમની તા.૨૧-૬-૯૬ ના રોજ મળેલી અને તા.૪-૭-૯૬ ના રોજ મુલત્વી રહેલી ૩૬૮ મી સભામાં કાર્યસુચિ સાદર કરવામાં આવેલ. જે ઉપર ચર્ચા-વિચારણા કરી સભાએ ઠરાવ ક્રમાંક:૫૧/ વિતરણ/ ૯૬ પસાર કરેલ છે. જે મુજબ નિગમની વસાહતોમાં ૧૦૦ % હિસ્સો / માલિકી ધરાવતા મહિલા ઔદ્યોગિક સાહસિકોને ફાળવવામાં આવતા શેડ/પ્લોટમાં જમીનની કિંમતમાં ૧૦% (દશ ટકા) નાધોરણે નીચેની શરતોને આધીન રાહત આપવાનું ઠરાવવામાં આવેલ છે.

(૧) ફાળવણીદાર ૧૦૦% મહિલા ઉદ્યોગ સાહસિક હોવા જોઈએ. અર્થાત એકમની સંપૂર્ણ માલિકી મહિલા સાહસિકોની હોવી જોઈએ.

(૨) આવા એકમની સંપૂર્ણ માલિકી મહિલા ઉદ્યોગ સાહસિકની હોવી જોઈએ. જો આવું એકમ ભાગીદારી પેઢી દ્વારા સ્થપાતું હોય તો તેના બધા જ ભાગીદારો મહિલા સાહસિકો હોવા જોઈએ.

(૩) પ્રા.લી.કે પબ્લીક લી.કું.ના કિસ્સામાં રાહત આપવાને પાત્ર થશે નહીં.

.૨.

(૪) મહિલા ઔદ્યોગિક સાહસિકોને ઉદ્યોગના પ્રકારને લક્ષમાં લઈ મહત્તમ ૫૦૦૦ ચો.મી. ક્ષેત્રફળ સુધીની જમીનની ફાળવણી કરવી.

(૫) જો મહિલા સાહસિકને ફાળવવામાં આવેલ પ્લોટનો ઉપયોગ થયા બાદ પ્રથમ પાંચ વર્ષ પછી તબદીલી માટે નિગમને વિનંતી કરે તો આવા કિસ્સામાં આપવામાં આવેલ રાહત પરત લેવી નહીં. અન્યથા રાહત વ્યાજ સાથે પરત લેવી. અને જો તબદીલીમાં લેનાર એકમ પણ ૧૦૦% મહિલા ઔદ્યોગિક સાહસિકો દ્વારા સ્થપાયેલ હોયતો રાહત પરત લેવી નહી.

(૬) મહિલા ઔદ્યોગિક સાહસિકોએ ફાળવવામાં આવેલ શેડ/પ્લોટ નિગમની પ્રવર્તમાન નીતિ અનુસાર નિર્દિષ્ટ કરેલ સમય મર્યાદામાં ઉપયોગ શરુ કરવાનો રહેશે.

(૭) મહિલા સાહસિકોને ફાળવેલ પ્લોટનો ઈવીકશન કે સરન્ડરથી નિગમને કબજો પરત મળે તેવા સંજોગોમાં ઈવીકશન કે સરન્ડરની ગણત્રીમાં આપવામાં આવેલ રાહત વ્યાજ સહિત પરત મેળવવાની રહેશે.

ઉક્ત પરિપત્રની સુચનાઓનું પાલન કરવા આથી તમામ વિતરણ અધિકારીશ્રીઓને સુચના આપવામાં આવે છે.

પરિપત્ર મળ્યાની પહોંચ નામજોગ જનરલ મેનેજરશ્રી (વિતરણને) પાઠવવી.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ...

<u>નકલ રવાના</u>:

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ.
...તરફ જાણ સારું.

(૨) તમામ ઔદ્યોગિક વસાહતના એસોસીએશનો તરફ જાણ સારું.

રવાના કર્યું.

(સહી)
મદદનીશ મેનેજર (મહેકમ)
જીઆઈડીસી-ગાંધીનગર.